# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર - ૪

### જવાબપત્ર - ૪

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૧૦]**

**વિભાગ-અ**

**(વડતાલ, રામાયણ, જૂનાગઢ, મહાભારત, ડભાણ, ૧૮૩૭)**

**૧.** મહારાજે **ડભાણ** માં મોટો યજ્ઞ કર્યો હતો.

**૨.** નીલકંઠે **રામાયણ** ની ચોપાઇઓનો અર્થ કરી બતાવ્યો.

**૩.** ઘનશ્યામનો જન્મ સંવત **૧૮૩૭** માં થયો હતો.

**૪.** **જૂનાગઢ** ની સવારીમાં મહારાજે કાકડી ખાધી.

**૫.** **વડતાલ** માં મહારાજે શિક્ષાપત્રી ગ્રંથ લખ્યો.

**વિભાગ-બ**

**(ગુણાતીતાનંદ, કલ્યાણ, મંદિર, મુક્તાનંદ, પ્રકાશ, બ્રહ્માનંદ)**

**૬.** ભગવાનના ઘરને **મંદિર** કહેવાય.

**૭.** 'સ્વામીની વાતો' એટલે **ગુણાતીતાનંદ** સ્વામીની વાતો.

**૮.** વેદો આપણને શીખવે છે કે વિશ્વકા **કલ્યાણ** હો.

**૯.** ગુરુ શબ્દમાં 'રુ' એટલે **પ્રકાશ**

**૧૦.** 'જય સદ્‌ગુરુ સ્વામી' આરતી **મુક્તાનંદ** સ્વામીએ બનાવી છે.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | આજે પણ મહારાજ ભક્તોને અંતકાળે તેડવા આવે છે. | **૧.** | ✓ |
| **૨.** | ઘનશ્યામનો જન્મ અયોધ્યામાં થયો હતો. | **૨.** | ✗ |
| **૩.** | મહારાજની જ્યોત પ્રમુખસ્વામી મહારાજ દ્વારા અજવાળું આપી રહી છે. | **૩.** | ✓ |
| **૪.** | જયરામદાસના મિત્રનું નામ કૃષ્ણ તંબોળી હતું. | **૪.** | ✓ |
| **૫.** | જોબનપગી એક મોટો સોદાગર હતો. | **૫.** | ✗ |
| **૬.** | શિક્ષાપત્રીનો ગ્રંથ માત્ર સ્વામિનારાયણ સત્સંગી માટે જ છે. | **૬.** | ✗ |
| **૭.** | દરરોજ માતા-પિતાને વંદન કરવા જોઇએ. | **૭.** | ✓ |
| **૮.** | મહારાજ પહેલ વહેલા ગઢડા પધાર્યા ત્યારે ખીજડાના ઝાડ નીચે બેઠા હતા. | **૮.** | ✓ |
| **૯.** | રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના મનમાં પ્રવેશ કરીને સરયૂદાસના દર્શન કર્યા. | **૯.** | ✗ |
| **૧૦.** | ભગવાન સાચા સંત દ્વારા હંમેશા પ્રગટ રહે છે. | **૧૦.** | ✓ |

**પ્ર.3 નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

**૧.** આપણાં ઇષ્ટદેવ કોણ છે ?

(૧) પ્રમુખસ્વામી **(૨) સહજાનંદ સ્વામી** (૩) ભગવાન શ્રીરામ **૧.** ૨

**૨.** ઘનશ્યામે કેટલા વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ?

**(૧) ૧૧** (૨) ૯ (૩) ૧૫ **૨.** ૧

**૩.** ઘનશ્યામે ગૃહત્યાગ કર્યા બાદ કઈ તરફ પ્રયાણ કર્યું ?

**(૧) હિમાલય** (૨) નેપાળ (૩) મંદિર **૩.** ૧

**૪. મહારાજે મગનીરામને દીક્ષા આપી કયું નામ પાડ્યું ?**

**(૧) અદ્વૈતાનંદ સ્વામી** (૨) આત્માનંદ સ્વામી (૩) અદ્‌ભુતાનંદ સ્વામી **૪.** ૧

**૫.** પાંચડે પાંચ ......... નાવે આંચ

(૧) ધર્મમાં **(૨) ભક્તિમાં** (૩) વૈરાગ્યમાં **૫.** ૨

**૬.** જ્યાં હરિ હોય ત્યાં શું ન હોય ?

(૧) અંધકાર (૨) માંદગી **(3) વહેમ** **૬.** 3

**૭.** ઘનશ્યામના માતાનું નામ શું હતું ?

(૧) રમાદેવી **(૨) ભક્તિદેવી** (૩) સુવાસિની **૭.** ૨

**૮.** વિદ્વાનોની સભાના અધ્યક્ષ કોણ હતા ?

(૧) ઘનશ્યામ (૨) શંકરાચાર્ય **(3) ધર્મદેવ** **૮.** 3

**૯.** રામાનંદ સ્વામીએ નીલકંઠને ક્યારે દીક્ષા આપી ?

**(૧) સંવત ૧૮૫૭માં** (૨) સંવત ૧૮૫૮માં (૩) સંવત ૧૮૬૦માં **૯.** ૧

**૧૦.** લોજમાં કોનો આશ્રમ હતો ?

(૧) મુક્તાનંદ સ્વામીનો (૨) સહજાનંદ સ્વામીનો **(૩) રામાનંદ સ્વામીનો** ૧૦. | ૩ |

**૧૧.** જ્યાં મૂર્તિઓ પધરાવાય છે તેને શું કહે છે ?

**(૧) નિજ મંદિર** (૨) હરિ મંદિર (૩) ઘર મંદિર ૧૧. | ૧ |

**૧૨.** નીલકંઠ જંગલમાં કેવી રીતે ફરતા હતા ?

(૧) નિશ્ચિંતપણે (૨) સ્થિર મને **(૩) નિર્ભયપણે** ૧૨. | ૩ |

**૧૩.** રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને કયા ગામમાં ગાદી સોંપી ?

(૧) જેતલપુરમાં **(૨) જેતપુરમાં** (૩) પીપલાણામાં ૧૩. | ૨ |

**૧૪.** શીતળદાસે સમાધિમાં કોને સિંહાસન પર બેઠેલા જોયાં ?

**(૧) ભગવાન નારાયણને** (૨) રામાનંદ સ્વામીને (૩) શ્રી કૃષ્ણને ૧૪. | ૧ |

**૧૫.** ઘનશ્યામ કયા મંદિરમાં રામાયણની કથા સાંભળતા હતા ?

(૧) રામજીના **(૨) હનુમાનજીના** (૩) સ્વામિનારાયણના ૧૫ | ૨ |

**૧૬.** કૃષ્ણ તંબોળીના ઘર પાસેના સરોવરમાં શું થતું હતું ?

(૧) કાકડી **(૨) કમળ કાકડી** (૩) કમળ ૧૬. | ૨ |

**૧૭.** છાણીના તેજાભાઇ તથા મંડળીએ કયા તળાવનું ખોદકામ કરેલું ?

**(૧) ગોમતી** (૨) દૂધા (૩) ખાંપા ૧૭. | ૧ |

**૧૮.** ઘનશ્યામે ગૃહત્યાગ કરીને કઇ નદીમાં ઝંપલાવ્યું ?

(૧) ઘેલા (૨) ગંગા **(૩) સરયૂ** ૧૮. | ૩ |

**૧૯.** ભગતજી મહારાજના ગુરુ કોણ હતા ?

(૧) શાસ્ત્રીજી મહારાજ **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) યોગીજી મહારાજ ૧૯. | ૨ |

**૨૦.** નીલકંઠવર્ણીએ કેટલા વર્ષ સુધી વન વિચરણ કર્યું ?

**(૧) ૭** (૨) ૯ (૩) ૬ ૨૦. | ૧ |

**૨૧.** નીલકંઠે કયા ગામમાં પોતાની વાણીને શાપ આપ્યો ?

(૧) ગઢડા **(૨) બાંશી** (૩) છપૈયા ૨૧. | ૨ |

**૨૨.** જોબનને વડોદરાના મહારાજાએ શું બાંધી આપ્યું ?

(૧) મકાન **(૨) વર્ષાસન** (૩) મંદિર ૨૨. | ૨ |

**૨૩.** મુક્તાનંદ સ્વામી નીલકંઠને કયા નામથી બોલાવતા ?

**(૧) સરયૂદાસ** (૨) નારાયણ મુનિ (૩) સહજાનંદ ૨૩. | ૧ |

**૨૪.** ગાદીએ બેસાડવાના ઉત્સવને શું કહે છે ?

(૧) પાટોત્સવ **(૨) પટ્ટાભિષેક** (૩) મહોત્સવ ૨૪. | ૨ |

**૨૫.** જૂનાગઢમાં મહારાજની સવારી જોવા ઝરૂખામાં કોણ ઊભું હતું ?

(૧) કારભારી (૨) રાજા **(૩) નવાબ** ૨૫. | ૩ |

૨૬. ક્યા ગામમાં મહારાજની સવારી વખતે લોકોએ તોફાન કર્યું ?

(૧) વડતાલ **(૨) આણંદ** (૩) ઇડર ૨૬. ૨

૨૭. કોણ જંતરમંતરની વિદ્યા શીખ્યો ?

**(૧) મગનીરામ** (૨) કાલીદત્ત (૩) પિબક ૨૭. ૧

૨૮. મહારાજે કેવા યજ્ઞો કરાવ્યા ?

(૧) અશ્વમેઘ **(૨) અહિંસક** (૩) રાજસુય ૨૮. ૨

૨૯. હરિભક્તોના શરીરે લાગેલા ગારાને મહારાજે શેનો લેપ કહ્યો ?

**(૧) ચંદનનો** (૨) મલમનો (૩) કેસરનો ૨૯. ૧

૩૦. મુક્તાનંદ સ્વામીના ગુરુ કોણ હતાં ?

**(૧) રામાનંદ સ્વામી** (૨) બ્રહ્માનંદ સ્વામી (૩) સહજાનંદ સ્વામી ૩૦. ૧

૩૧. આપણે ભગવાનના છીએ પણ શેના/કોના નથી ?

(૧) માતા-પિતા (૨) જગતના **(૩) માયાના** ૩૧. ૩

૩૨. જપ કરતાં સાધુઓ પર શું પડ્યું ?

(૧) વાંદરો **(૨) સાપ** (૩) વરસાદ ૩૨. ૨

૩૩. બાર મહિનામાં અમદાવાદમાંથી કોનું રાજ્ય ઉઠી ગયું ?

**(૧) પેશ્વાનું** (૨) બ્રિટિશનુ (૩) મોગલનું ૩૩. ૧

૩૪. ઘનશ્યામને મારવા કોણ આવ્યો હતો ?

(૧) પિબક (૨) રાક્ષસરાજ **(૩) કાલીદત્ત** ૩૪. ૩

૩૫. 'અતિથિ દેવો ભવ' આવું કોણ શીખવે છે ?

**(૧) વેદો** (૨) સંતો (૩) શાસ્ત્રો ૩૫ ૧

૩૬. શ્રીજી મહારાજ ક્યારે ધામમાં ગયા ?

(૧) સંવત ૧૮૩૦માં **(૨) સંવત ૧૮૮૬માં** (૩) સંવત ૧૮૮૧માં ૩૬. ૨

૩૭. કયા ગ્રંથમાં મહારાજે હિંસા ન કરવાનું કહ્યું છે ?

**(૧) શિક્ષાપત્રી** (૨) વચનામૃત (૩) સ્વામીની વાતો ૩૭. ૧

૩૮. પાટલા ઉપરથી ઘનશ્યામે ઉપાડેલો ગ્રંથ કયો હતો ?

**(૧) ગીતા** (૨) વચનામૃત (૩) રામાયણ ૩૮. ૧

૩૯. મહારાજના સાધુઓ શેને અડે નહિ ?

(૧) કપડાને **(૨) પૈસાને** (૩) અન્નને ૩૯. ૨

૪૦. સ્વાધ્યાયાન્ મા પ્રમદઃ એટલે શું ?

(૧) અભ્યાસ૧રમાં ચોરી ન કરો (૨) અભ્યાસમાં જૂઠું ન બોલો ૪૦. ૩

**(૩) અભ્યાસમાં આળસ ન કરો**

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો.** **[૧૦]**

**૧.** નીલકંઠવર્ણીએ શિકારીઓથી શાથી દુઃખ થયું ?

**જ. બે શિકારીઓએ બંદુકથી બે પક્ષીઓને મારી નાંખ્યાં હતા તેથી નીલકંઠવર્ણીને દુઃખ થયું.**

**૨.** મહંતે નીલકંઠને શા માટે મઠમાં / સુવા માટે કહ્યું ? / રાત રહેવા શા માટે આગ્રહ કર્યો?

**જ. મહંત જાણતા હતા કે શ્રીપુરમાં રોજ એક હિંસક વાઘ આવતો હતો અને એ ઢોરઢાંખર કે માણસ કોઈ બહાર રહી ગયું હોય તો કોઈ પરોઢ જોવા પામતું નહીં આથી મહંતે નીલકંઠને મઠમાં રાત રહેવા આગ્રહ કર્યો.**

**૩.** સાધુઓ અમદાવાદમાં (ક્યાં રહ્યાં ?) / ક્યાં મુકામ કર્યો ?

**જ. અમદાવાદમાં ગામ બહાર દરિયાખાનાના ઘુંમટ પાસે ભુતિયા આમલીઓનું ઝુંડ હતું ત્યા સાધુઓએ મુકામ કર્યો.**

**૪.** નીલકંઠને શોધવા કોણ નીકળી પડ્યું ? નીલકંઠ તેમને ક્યાં મળ્યાં ?

**જ. નીલકંઠને શોધવા જયરામદાસ નીકળ્યાં. અંતે તેને નીલકંઠ સૌરાષ્ટ્રના લોજ ગામમાં મળ્યા.**

**૫.** રામાનંદ સ્વામીએ નીલકંઠને કયા નવા નામ આપ્યા ?

**જ. રામાનંદ સ્વામીએ નીલકંઠને સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ એમ બે નવા નામ આપ્યા.**

**૬.** શ્રીજી મહારાજે જુનાગઢથી (અંતકાળે) કોને બોલાવ્યા ? / તેડાવ્યા ?

**જ. શ્રીજી મહારાજે જુનાગઢથી ગુણાતીતાનંદ સ્વામીને તેડાવ્યા ?**

**૭.** પિબકને સાચી શક્તિ કઈ સમજાઈ ? / શેમાં સમજાઈ ?

**જ. પિબકને સમજાયું કે ભક્તિની શક્તિ, પ્રેમની શક્તિ, ત્યાગ અને વૈરાગ્યની શક્તિ એ સાચી શક્તિ છે.**

**૮.** શિક્ષાપત્રીમાં મહારાજે શું વચન આપ્યું છે ?

**જ. મહારાજે કહ્યું / લખ્યું છે કે જે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે આ લોક અને પરલોકમાં સુખી થશે.**

**૯.** એક બાવાએ બીજા બાવાઓને નિર્ભય બની ઝાડ નીચે સુવા માટે શું વિચાર આપ્યો ?

**જ. જ્યારે નીલકંઠ મારી સાથે છે પછી હું શા સારું બીઉં ?**

**૧૦.** શ્રીજી મહારાજે કયા ગામમાં શિક્ષાપત્રી લખી ?

**જ. શ્રીજી મહારાજે વડતાલમાં શિક્ષાપત્રી લખી.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. ગાફલાઇ ટાળવાનું કારણ.....

**જ. ગાફલાઇ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઇક શિક્ષા કરે ત્યારે ટળે.**

૨. આવા સાધુને મનમાં.....

**જ. આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો.**

૩. કરોડ કામ બગાડીને.....

**જ. કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું?**

૪. કેટલેક રૂપિયે આંખ કાન.....

**જ. કેટલેક રૂપિયે આંખ, કાન, નાક આદિક ઇન્દ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે પણ જીવ કેવળ કૃતઘ્ની છે.**

૫. આપણે તો અક્ષરધામમાં.....

**જ. આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. નવડે નવ ......... તો અક્ષરધામમાં જવાય.

**જ. નવડે નવ, તરી જા તું આ ભવ.... મારા બંધુ ૦**
**એકડે મીંડે દસ, અધર્મમાંથી ખસ.... મારા બંધુ ૦**
**એવી રીતે ભજાય, તો અક્ષરધામમાં જવાય.**

૨. ગુણાતીતોડક્ષરં બ્રહ્મ ......... મુચ્યતે ભવબન્ધનાત્ ॥

**જ. ગુણાતીતોડક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।**
**જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥**

૩. ચરણ સરોજ તમારા......... અગણિત નરનારી ...જય.

**જ. ચરણ સરોજ તમારા, વંદુ કર જોડી; (૨)**
**ચરણે ચીત્ત ધર્યાથી (૨) દુઃખ નાંખ્યા તોડી... જય ૦**
**નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી; (૨)**
**પામર પતિત ઉદ્ધાર્યા, (૨) અગણિત નરનારી... જય ૦**

૪. ૐ સહ નાવવતુ ......... ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

**જ. ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।**

૫. પાંચડે પાંચ ......... મૂકી દે જગનો ઠાઠ.

**જ. પાંચડે પાંચ, ભક્તિમાં નાવે આંચ.... મારા બંધુ ૦**
**છગડે છય, શ્રીજીની બોલો જય.... મારા બંધુ ૦**
**સાતડે સાત, છે બ્રહ્મ હમારી જાત.... મારા બંધુ ૦**
**આઠડે આઠ, મૂકી દે જગનો ઠાઠ.**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં) [૧૦]**

**૧.** મહારાજ અને તેમના સાધુઓ દુઃખી અને ગરીબ લોકોના સુખ દુઃખમાં કેવી રીતે ભાગ લેતા ?

**૨.** સમાધિમાં લોકોને કેવા કેવા દર્શન થતાં?

**૩.** ‘રે મારી વાણી તું નિષ્ફળ જજો’ આવું મહારાજે શાથી કહ્યું?